Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

# સ્વામિનારાયણ સંપ્રદાય: તેનું પ્રદાન

**Payal B. Joshi**
Ph.D. Scholar (Department of History)
Hemachandracharya North Gujarat University, Patan
Email ID : payaljoshi32@gmail.com

## સારાંશ

વિશ્વમાં માત્ર ભારત જ એવો દેશ છે જ્યાં તમામ ધર્મોને સ્વીકારવામાં આવે છે. ભારતના બંધારણમાં જ આ બાબતને આવરી લેવામાં આવેલ છે. 'વસુધૈવ કુટુંમ્બક્મ'ની ભાવના સાથે જીવન નિર્વાહ કરતા ભારતના લોકો અનેક સંપ્રદાયોમાં વિભાજીત થયેલ જોવા મળે છે. આજે હું એવાજ એક 'સ્વામિનારાયણ સંપ્રદાય' વિષે શંશોધન પેપરમાં માહિતી આપવા જઈ રહી છું. મારા સંશોધનમાં સ્વામિનારાયણ સંપ્રદાય અને સમાજમાં ભજવેલ ભૂમિકા વિષે માહિતી આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

અઢારમી સદીમાં ભારતમાં ધાર્મિક ક્ષેત્રે નાના-મોટા સંપ્રદાયોનું પ્રભુત્વ જામ્યું હતું. ચારે બાજુ સમાજમાં ધર્મના નામે પાખંડો ચાલી રહ્યા હતા.ધર્મગુરુઓ પ્રજાની શ્રધ્ધાનો મનમાન્યો ઉપયોગ કરતા હતા અને ધર્મને નામે અઢળક દ્રવ્યનું ઉપાર્જન કરતા હતા. મોટા ભાગના ધર્મગુરુઓ વિલાસી જીવન જીવતા હતા.સમાજમાં ચારે બાજુ અજ્ઞાનતા અને અંધશ્રદ્ધાનું જોર પ્રવર્તતું હતું.સતિપ્રથાને બહાને અનેક સ્ત્રીઓને ફરજીયાત અગ્નિસ્નાન કરવું પડતું.આવા સમયે ગુજરાતમાં એક નવા સંપ્રદાયની શરૂઆત થઇ.સમય જતા સમગ્ર ભારતમાં આ સંપ્રદાય વિસ્તર્યો.તે ભારતમાં સ્વામીનારાયણ સંપ્રદાયના નામે વર્તમાન સમયમાં અસ્તિત્વમાં છે.

આ સંપ્રદાયના આદ્યસ્થાપક શ્રી સહજાનંદ સ્વામી ઉત્તરપ્રદેશના હોવા છતાં તેમણે ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવી હતી.સહજાનંદ સ્વામીનું મૂળ નામ ઘનશ્યામ હતું. તેમનો જન્મ અયોધ્યા પાસેના છપૈયા ગામે એક બ્રાહ્મણ કુટુંબમાં ઈ.સ.૧૭૮૧ માં થયો હતો.બાળપણમાં વેદ અને અન્ય ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરી ધર્મના માર્ગે તેઓ કાર્યરત બન્યા. માતાપિતાના અવસાન બાદ સંસારનો ત્યાગ કરી હિમાલયમાં તપ દ્વારા યોગ વિદ્યાનો અભ્યાસ કર્યો.અહી તેઓ નીલકંઠ બ્રહ્મચારીને નામે ઓળખાવા લાગ્યા.તીર્થયાત્રા કરતાં કરતાં તેઓ સૌરાષ્ટ્રમાં માંગરોળ પાસેના લોજ ગામમાં

આવ્યા. અહી તેમને રામાનંદના શિષ્ય મુકતાનંદનો સંપર્ક થતાં તેઓ રામાનંદના કાર્યને આગળ વધારવા અહી સ્થિર થયા.રામાનંદ સ્વામીને ગુરુ બનાવી કાર્તિક સુદ એકાદશીને દિવસે ઈ.સ-૧૮૦૦ માં મહાદિક્ષા લીધી.જેતપુર મુકામે રામાનંદ સ્વામીએ સંવત .૧૮૫૮ કાર્તિક સુદ-૧૧ (તા.૧૬-૧૧-૧૮૦૧) નાં દિને પોતાના આશ્રિતો-અનુયાયીઓ સમક્ષ સંપ્રદાયનું આચાર્યપદ તેમને સોપ્યું.ધીરે-ધીરે તેમના કાર્યોની સુવાસ ચારેબાજુ ફેલાતા તેઓ સહજાનંદ સ્વામી તરીકે ઓળખાવા લાગ્યા. સહજાનંદ સ્વામીને તેમના ભક્તો ભગવાન નારાયણનો અવતાર માને છે.ધીરે-ધીરે તેમણે ધાર્મિક સુધારાનું કાર્ય આરંભ્યું. તેમણે કથાવાર્તા સંભાળવા માટે આવતા સ્ત્રી-પુરુષોની સભાઓ અલગ કરી. પણ સ્ત્રીઓને ધર્મથી અળગી ન કરી.સ્ત્રીઓને અક્ષરજ્ઞાન આપવાની વ્યવસ્થા કરી. હિંસક યજ્ઞોની નાબુદીનું કાર્ય શરૂ કર્યું.

આ પછી ધીરે-ધીરે તેમણે સમાજસેવાનું કાર્ય આરંભ્યું.તેમણે સમાજના શ્રમજીવીઓને ઉતેજન આપવા મંદિરો બંધાવવાનું શરૂ કર્યું.કારીગરોમાં વ્યસનો છોડાવી આચારશુદ્ધિનો મહિમા વધાર્યો. સમાજમાં પછાત ગણાતી જ્ઞાતિઓમાં સંસ્કાર સિંચનનું ભગીરથ કાર્ય કર્યું.તેમણે સર્વ માટે શિક્ષાપત્રી નામે એક આચારસંહિતા રચી.તેમણે જુદા-જુદા સાધુ મંડળો દ્વારા તીર્થધામોમાં સદાવ્રતો શરૂ કર્યા.ધન અને શસ્ત્રત્યાગના ઉપદેશ દ્વારા કાઠી,કણબી,કોળી જેવી માથાભારે કોમોને વશ કરી. વિધવાઓને સતી થવાને બદલે હરીભજનમાં જીવન પસાર કરવાની પ્રેરણા આપી. રોગીઓ માટે ઠેરઠેર દવાખાના સ્થાપ્યા.

તેઓ પોતાનો ઉપદેશ ભગવાન બુદ્ધની માફક નીચલા વર્ગના સમાજના લોકોને સમજાય તેવી રીતે લોકભાષામાં આપતા.આના પરિણામે સમાજનો નીચલો વર્ગ તેમના પ્રત્યે આકર્ષાયો.તેમણે દરેકને માટે ધર્મનાં દ્વાર ખુલ્લા કર્યા. તેમના ઉપદેશનો મુખ્ય સાર એ છે કે પરબ્રહ્મ પરમાત્મા એ ઇષ્ટદેવ છે.પરમાત્મા દિવ્ય સાકારમૂતિ છે.તે સચ્ચિદાનંદરૂપ છે.પરબ્રહ્મ આદિ તથા અંતમાં છે.માયા એ ત્રીજું અનાદિ તત્વ છે.માયા આત્યંતિક પ્રલયકાળે બ્રહ્મમાં લીન રહે છે.આ માયાને પ્રકૃતિ કહે છે.

આ સંપ્રદાયના અનુયાયીઓ માને છે કે પરબ્રહ્મ પરમાત્માનો આ પૃથ્વી ઉપર સ્વામિનારાયણ રૂપે આવિર્ભાવ થયો છે.માટે સ્વામીનારાયણ પ્રગટ પુરુષોત્તમ કહેવાય છે.રામાનુજ

સંપ્રદાયમાં ચતુર્ભુજ નારાયણ પૂજાય છે.અહી દ્વિભુજ નારાયણની મૂર્તિ પૂજાય છે.તેઓ માને છે કે મુક્તિ મેળવવા માટે જીવે પરમાત્માના અસલ સ્વરૂપનું જ્ઞાન મેળવવું.નિષ્કામ ઉપાસના કરવી.

આ સંપ્રદાયમાં સહજાનંદ સ્વામીને ભક્તો નારાયણનો અવતાર માને છે.અહી નરનારાયણ ઉપરાંત ધર્મ અને ભક્તિરૂપે સહજાનંદના માતા-પિતાની તેમ જ હરીકૃષ્ણરૂપે સહજાનંદ સ્વામીની પોતાની પ્રતિમા પૂજાય છે. એમણે સ્થાપેલો સંપ્રદાય સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે ઓળખાય છે.

આ સંપ્રદાયના અનુયાયીઓ ત્રણ સંપ્રદાયમાં વહેચાયેલા છે.(૧) બ્રહ્મચારી (૨) સાધુઓ (૩) ગૃહસ્થો.ગમે તે વર્ણના લોકો સાધુ થઇ શકે છે.સાધુઓમાં પરમહંસ,પાળા અથવા પાર્ષદ એવા વર્ગ હોય છે.શુદ્રો પાર્ષદ થઇ શકે છે.સામાન્ય સંસારી સત્સંગી ગૃહસ્થ કહેવાય છે.

શ્રી સહજાનંદ સ્વામીએ પોતાના ઉપદેશમાં આચાર શુદ્ધિ ,વ્યવહાર શુદ્ધિ, શ્રમનું મહત્વ,ત્યાગ,વૈરાગ્ય,સમાનતા,અંધશ્રધ્ધા,સર્વધર્મ સમભાવ, અક્ષરજ્ઞાનનું મહત્વ વગેરે મુદ્દાઓનો સમાવેશ કરી લોકોને તેમની ભાષામાં સાચી વાત સમજાવતા તેમના ઉપદેશનું મહત્વ સમાજમાં ઘણું જ વધી ગયું.આના પરિણામે આ ધર્મ એક સામાજિક ક્રાંતિ બની ગયો.ગુજરાતમાં તેનો ઝડપી વિકાસ થયો.નીચલા વર્ગનાં લોકોએ પ્રેમથી આ સંપ્રદાયને અપનાવ્યો.લોકોમાં સતસંગ અને સદાચારની ભાવના વિકસી.તેમણે પોતાના ઉપદેશમાં સ્પષ્ટ જણાવ્યું છે કે તેમણે કોઈ નવો સંપ્રદાય વિકસાવ્યો નથી.તેમણે તો કેવળ રામાનુજના વિશિષ્ટાદ્વેત સિધ્ધાંતનું પાલન કર્યું છે.ટૂંકમાં આ સંપ્રદાયે પોતે વર્ણાશ્રમ ધર્મમાં માનતો હોવા છતાં સમગ્ર હિંદુ સમાજને કેન્દ્રમાં રાખી સામાજિક ઉત્કર્ષનું કાર્ય આરંભ્યું.

શિક્ષાપત્રી :-

સહજાનંદ સ્વામીએ ધર્મને શાસ્ત્રના વિવાદના બદલે ગરીબોની સેવામાં જોડ્યો.આધુનિક સમયમાં સરકાર જે હજાર પ્રયત્નો થકી કરી ન શકે તે તેમણે સ્વપ્રયત્નથી પછાત ગણાતી જ્ઞાતિઓને સંસ્કારી બનાવવા કર્યું.સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી નામની આચારસંહિતા દ્વારા અનેક સતસંગીઓને માર્ગદર્શન આપ્યું છે.આથી શિક્ષાપત્રી એ સ્વામિનારાયણ સંપ્રદાયનો મુલ્યવાન ગ્રંથ ગણાય છે.શિક્ષાપત્રીમાં બસ્સો બાર શ્લોક છે.તેમાં જનસમાજના જીવનને પોષક બને તેવા સર્વ સામાન્ય વિષયો આવરી લેવામાં આવ્યા છે.સમગ્ર ગ્રંથનો સાર નીચે મજબ છે.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

"પોતાને મુખે પોતાના વખાણ ન કરવા.જે વસ્ત્ર પહેરવાથી પોતાના અંગના અવયવો દેખાય તેવા વસ્ત્રો ન પહેરવા.પોતાના સેવકોને સદા અન્નવસ્ત્રાદિ આપીને કાળજી રાખવી.ગુરુ રાજા,અતિવૃદ્ધ,ત્યાગી,વિદ્વાન તથા તપસ્વી એ સર્વ આવે ત્યારે ઉભા થઇ સન્માન કરી આસન આપવું.તેમનું પ્રેમથી સ્વાગત કરવું.ગુરુ રાજા કે દેવ સામે પગ પર પગ ચઢાવીને કે ઢીંચણે વસ્ત્ર બાંધીને બેસવું નહિ.વ્યવહાર કાર્યમાં કોઈનાં જામીન ના થવું.આપત્તિ વખતે ભિક્ષા માંગીને ચલાવવું પણ કોઈ કરજ ન કરવું.સહી-સિક્કા વગર કોઈ ની સાથે ધન કે જમીનની લેવડ-દેવડ ન કરવી.પોતાની ઉપજ પ્રમાણે ખર્ચ કરવો.ગાળ્યા વિના પાણી કે દૂધ ન પીવું.જે જળાશયમાં ઘણા જંતુઓ હોય તેમાં નહાવું નહિ.ઉચ્ચ વર્ણના લોકોએ નીચલી વર્ણમાં જ્ઞાન અને સદાચારનો ફેલાવો કરવો જોઈએ."

આમ શિક્ષાપત્રી દ્વારા સહજાનંદ સ્વામીએ માનવીને પછી તે ભલે સતસંગી હોય કે ન હોય સદાચાર,સ્વચ્છતા અને જીવન વ્યવહારના નિયમો સમજાવ્યા છે. આ દષ્ટિએ શિક્ષાપત્રીનો બોધ કેવળ એક વિશિષ્ટ વર્ગ પુરતો માર્યાદિત નથી પણ તેમાં સમગ્ર માનવ સમુદાયને આવરી લેવામાં આવેલ છે.દરેક માણસ એમાંથી પોતાની શક્તિ પ્રમાણે બોધ લઇ શકે છે.સદાચાર આચરી શકે છે.સામાન્ય રીતે સહજાનંદ સ્વામીએ સામાન્ય નાગરિક માંસાહાર,દારુ,તમાકુ,ગાંજા જેવા કેફી વ્યસનો,ચોરી,વ્યભિચાર,અસત્ય બોલવું વગેરે દુષણોથી દુર રહે તેવો આગ્રહ શિક્ષાપત્રી દ્વારા રાખ્યો છે.

સહજાનંદ સ્વામીનો બીજો નોધપાત્ર ગ્રંથ 'વચનામૃત છે.તેમાં તત્કાલીન સમાજના સંતો અને હરિભક્તોના ઉપદેશને ગ્રંથસ્થ કરવામાં આવેલ છે.

આ સંપ્રદાયમાં મુક્તાદાનંદ,બ્રહ્માનંદ,પ્રેમાનંદ,નિષ્કુળાનંદ,દેવાનંદ,મંજુકેશાનંદ વગેરે નોધપાત્ર સંતો થયા છે.મુક્તાનંદે મુકુન્દબાવાની,ઉદ્ધવગીતા, સતીગીતા,વગેરે ગ્રંથો દ્વારા સમાજમાં વૈરાગ્યની ભાવના વિકસાવી છે.બ્રહ્માનંદે સુમતિપ્રકાશ,વર્તમાન વિવેક,બ્રહ્મવિલાસ વગેરે ગ્રંથો રચ્યા.પ્રેમાનંદ સ્વામીએ સહજાનંદના વિરહના બારમાસીના પદો દ્વારા પ્રેમલક્ષણા ભક્તિનો મહિમા ગાયો છે.નિષ્કુળાનંદે સમાજની તળપદી ભાષામાં ગરબીઓ અને ધોળો દ્વારા આ સંપ્રદાયમાં વર્ણવેલી ભક્તિનો મહિમા ગાયો છે.દેવાનંદ સ્વામીના કાવ્યો સ્ત્રીવર્ગમાં ઘણા જ લોકપ્રિય થયા છે.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

આમ આ સંપ્રદાયે સમાજમાં સ્ત્રી અને પુરૂષ બંને મોક્ષના અધિકારી છે ભાવના વિકસાવી.સતી પ્રથા,બાળલગ્ન,કન્યા વિક્રય વગેરે દુષણો અટકાવ્યા.હિંસાત્મક યજ્ઞો બંધ કરાવી દાનનો મહિમા વધાર્યો.સમાજમાંથી વ્યસનો દુર થાય તેવી પ્રવૃત્તિ આદરી સદાવ્રતો, પાઠશાળાઓ,ધર્મશાળાઓ વગેરે બંધાવી સમાજને તંદુરસ્ત બનાવ્યો.રામાનંદ સ્વામીના સમયથી સદાવ્રતો દ્વારા ગરીબોને અન્ન આપવાની પ્રવૃત્તિ ચાલતી હતી.સહજાનંદ સ્વામીએ પણ આ પ્રવૃત્તિ ચાલુ રાખી અને વિકાસ પણ કર્યો. માણાવદર, લોજ, માંગરોળ, અગતરાઈ, ભાડેર, જામવાળી, ભુજ,સાંકળી,જેતપુર,ગઢડા,કોટડા,શ્રીનગર વગેરે સ્થળોએ અન્નક્ષેત્રો ચાલતા હતા.આ સાથે પુતકર્મો જેવા કે વાવ,કુવા,તળાવો વગેરે ખોદાવીને લોકોપયોગી કાર્યો પણ શરૂ કર્યા.જેમ કે માંગરોળમાં વાવ ખોદાવીને લોકોપયોગી કાર્યો શરૂ કર્યા.બુધેજ,વડતાલ વગેરે ગામોમાં તળાવો ખોદાવ્યા.હિંદુ ધર્મમાં પુતકર્મોનું ઘણું મહત્વ છે.તે વખતના જમાનામાં પાણીની આધુનિક સુવિધાઓ ન હતી ત્યારે વટેમાર્ગુઓ કે ગામવાસીને પાણીની સુવિધા મળે તે ઘણું જ પરોપકારી કાર્ય ગણાતું.સંપ્રદાયના અનુયાયીઓ વચ્ચે ભાવાત્મક એકતા સધાય,સદાચારના માર્ગે ચાલવાનું બળ મળે અને ઉત્સવનો આનંદ મળે તે માટે સહજાનંદ સ્વામી વિવિધ સ્થળોએ સામૈયાઓ અને ઉત્સવો યોજ્યા કરતા.જેમાં પ્રબોધનિ એકાદશી,વસંતોત્સવ,હુતાશની,રામનવમી,જનમાષ્ટમી,શરદપૂનમ,અન્નકૂટ વગેરે ઉત્સવો મુખ્ય હતા.આવા સામૈયા કે ઉત્સવો દ્વારા વિશાળ પાયા પર લોકશિક્ષણ આપવાનો ઉદ્દેશ હતો.તેમને હિંસાયુક્ત યજ્ઞોનો વિરોધ કર્યો.સમાજના વિવિધ સ્તરે પડેલા અજ્ઞાની, અબુધ, અસ્વચ્છ, અસલામત,વહેમી અને વ્યસનમાં ડૂબેલા તથા વિવિધ મતો,પંથો,વૈરાગીઓ અને આચાર્યોની વચ્ચે અટવાયેલા એવા લોકો હતા જેમને નહાવાની કે ગાળીને પાણી પીવા જેવી સામાન્ય ખબર ન હતી.જેમને મન ધર્મ એટલે દોરા,ધાગા કે મંત્રતંત્રથી વિશેષ કઈ જ ના હતું.તેવા તદ્દન આંતર-બાહ્ય અશુધ્ધિ ધરાવનાર લોકોને 'માણસ' બનાવવાનું મહાન કાર્ય સહજાનંદ સ્વામીએ કર્યું.

આ સંપ્રદાયમાં કૃષ્ણની ભક્તિને સ્થાન હોવાથી તે પુષ્ટિમાર્ગનો વિકલ્પ બન્યો.આના પરિણામે પુષ્ટિમાર્ગમાં ઘણા સુધારા થયા.તેણે પરધર્મનાં લોકોને પોતાનામાં સમાવ્યા હોવાથી અનેક હિંદુઓ મુસલમાન બનતા અટકી ગયા.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

સંપ્રદાયનો પ્રભાવ સારા એવા પ્રમાણમાં જણાયો ત્યારે સંપ્રદાયના લોકોમાં નિષ્ઠા,એકતા,નિયમોનું દઢ પાલન વગેરે જળવાઈ રહે અને નિયમિતપણે બધા એકઠા મળી શકે એ હેતુથી મંદિરોનું નિર્માણ કરીને સંપ્રદાયને સુદઢ બનાવ્યો.આ સંપ્રદાયના તીર્થસ્થાનોમાં ધોલેરા, વડતાલ,ગઢડા,ભુજ,જુનાગઢ,અમદાવાદ વગેરે ગુજરાતમાં મહત્વનાં છે.આ સંપ્રદાયનો ભારત બહાર અન્ય દેશો જેવા કે આફ્રિકામાં મોમ્બાસા, નૈરોબી, દારેસલેમ વગેરે યુરોપમાં લંડન,લેસ્ટર, આસ્ટન, અમેરિકામાં ન્યુયોર્ક વગેરે સ્થળોમાં પ્રચાર થતાં ત્યાં સુંદર મંદિરો બાંધવામાં આવેલ છે.

## સંદર્ભસૂચી

1. મશરૂવાળા,કિ.ઘ. – ‘ સહજાનંદ સ્વામી ’અમદાવાદ
2. ડૉ.રશ્મિબેન વ્યાસ - સહજાનંદ સ્વામી જીવનદર્શન,સ્વામિનારાયણ ગુરુકુળ, રાજકોટ
3. આચાર્ય,નવીનચંદ્ર.આ – ‘ગુજરાતના ધર્મ સંપ્રદાય’અમદાવાદ ,૧૯૮૩